ફો.કે.નં.                /૨૦૨૩.

**The Finding and a brief statement of the reason thereof in case of conviction on plead guilty.**

(૧) ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે આ કામના આરોપીએ આંક–૧ ની હકીકતે ગુનો કરી ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ ૬૬(૧)(બી) તથા એમ.વી.એકટ કલમ–૧૮૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. સદર કેસનું ચાર્જશીટ કોર્ટમાં રજુ થતાં, આરોપી હાજર થતા તેને કાયદા મુજબની નકલ આપી, તેમની સામેની પ્લી વાંચી સંભળાવી, સમજાવતા આરોપીએ ગુનાની કબુલાત કરવાની પુરસીશ રજુ કરી સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે.

(૨) સદર કામનાં કેસ પેપર્સ વંચાણે લીધા. કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. આરોપીની ગુના કબુલાત અને તે અંગેની પુરસીસ વંચાણે લીધી. તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરચંદ હરચંદજી ઠાકોર,૨૦૦૫(૧),જી.એલ.આર. પાના નં.૭૦૯ તેમજ રમેશચંદ્ર ભીખાલાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત,૨૦૧૩(૨) જી.એલ.આર. પાના નં.૯૭૪ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાઓ વંચાણે લીધા. સદર કામે આરોપીએ ગુનાની કબુલાત આપેલ છે, જે તેમની સ્વૈચ્છાપુર્વક અને કોઈપણ પ્રકારના દબાણ વગર આપેલ છે, વધુમાં કોર્ટ દ્રારા આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલા નથી તેવી પણ તેઓને સમજ કરવામાં આવેલ છે.તેમ છતાં આરોપી આક્ષેપિત ગુનો કબુલ કરવા માંગે છે. આમ, આરોપીની સ્વૈચ્છાપુર્વકની કબુલાત તેમજ કબુલાત પુરસીસમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં, આરોપીની કબુલાત ન માનવાનો કોઈ કારણ નથી. વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટ દ્રારા ઉપરોકત બં ને ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધયાને લેતાંતથા કેસનાં સંજોગો ધ્યાને લેતાં આરોપીને કાયદામાં જણાવેલી સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે અને સચવાશે તેવુ આ અદાલતનું નમ્રપણે માનવું છે.જેથી, ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો લક્ષમાં લેતાં ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મજુબ હુકમ કરવામાં આવે છે.

**SENTENCE AND FINAL ORDER**

આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ ૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ ૬૬(૧) (બી) તથા એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને ગુજરાત નશાબંધીની કલમ ૬૬(૧)(બી) મુજબના ગુનામાં રુપિયા ૧૦૦/– (અંકે રુપિયા એક સો પુરા) તથા એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબના ગુનામાં રુપિયા ૫,૦૦૦/– (અંકે રુપિયા પાંચ હજાર પુરા) મળી કુલ રુપિયા ૫,૧૦૦/– (અંકે રુપિયા પાંચ હજાર એકસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન –૦૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરેલ મુદ્દામાલ વાહન માલિકની ખરાઈ કરી તેના મુળ માલિકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ        માહે જુન સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સુરત                                    (વી. ડી. દવે)

તારીખ :    – ૦૬–૨૦૨૩                          આઠમાં જ્યુડી. મેજી. ફ.ક., સુરત

GJ01646

| | |
|---|
| **Rs 5100/–** |
| **R. No.** |